# પ્રશ્નપત્ર પરિરૂપ : એક વિહોગવાલોકન

વ્હલા વિદ્યાર્થીઓ,

માર્ચ-2025 માં ધોરણ 10 ની જાહેર પરીક્ષા ગુજરાત રાજ્ય માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાનાર છે.ધોરણ 10 ના વિદ્યાર્થીઓ સૌ પ્રથમ જાહેર પરીક્ષા આપવા જતા હોય એટલે એવું લાગતું હોય કે **સામાજિક વિજ્ઞાન** વિષયનું પેપર કેવું હશે ? આ પ્રશ્નના નિરાકરણ માટે જરૂરી માર્ગદર્શન આ અંકમાં સંપૂર્ણ સમજ આપવામાં આવી છે.

આપ ધોરણ 10 સામાજિક વિજ્ઞાન વિષયના બોર્ડ પ્રશ્નપત્રના પરિરૂપથી વાકેફ થાવ તે અતિ આવશ્યક છે.

- ❖ સામાજિક વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્રમાં કેટલા વિભાગ હશે ?
- ❖ દરેક વિભાગમાં કેટલા પ્રશ્નો હશે ?
- ❖ પ્રત્યેક પ્રશ્નના ગુણ કેટલા હશે ?
- ❖ પ્રત્યેક પ્રકરણમાંથી કેટલા ગુણનું પૂછાશે ?
- ❖ નકશો કેટલા ગુણનો હશે ?
- ❖ પ્રશ્નનો ઉત્તર કેવી રીતે લખવો ?
- ❖ સારા ગુણ કેવી રીતે મેળવી શકાય ?
- ❖ પ્રશ્નના ઉત્તરમાં કેટલા મુદ્દા લખવા જોઈએ ?

જેવા અનેક પ્રશ્ન આપ સ્નેહીના મનમાં ઉદ્ભવતા હશે.આ પ્રકારના મનમાં ઉદ્ભવતા પ્રશ્નોના સમાધાન મેળવવા આ અંકમાં પ્રયત્ન કરીશું.

- સામાજિક વિજ્ઞાન વિષયનું બોર્ડનું પ્રશ્નપત્ર **કુલ 80 ગુણ**નું રહેશે. જ્યારે **20 ગુણ શાળાકક્ષા**એથી મૂકવામાં આવશે.જેમાં પ્રથમ અને દ્વિતીય પરીક્ષાના મેળવેલ ગુણના 05 % (પ્રત્યેક પરીક્ષામાંથી) રૂપાંતરિત કરવામાં આવશે.

  ઉ.દા. વિદ્યાર્થીએ પ્રથમ પરીક્ષામાં 60 ગુણ મેળવ્યા હોય તો 05 % માં રૂપાંતરિત કરતા 3 ગુણ પ્રાપ્ત થાય. બીજી પરીક્ષામાં 70 ગુણ મેળવેલ હોય તો 3.5 ગુણ મળી કુલ 10 ગુણમાંથી 6.5 ગુણ મેળવ્યા ગણાય.

- **10 ગુણ** Subject Enrichment ( **વિષય સંવર્ધન** ) ના મળી કુલ **100 ગુણ**માંથી પરિણામ તૈયાર થાય છે.
- ધોરણ 10 સામાજિક વિજ્ઞાન વિષયના પ્રશ્નપત્રમાં A.B.C.D એમ **4 વિભાગ** રહેશે.
- પ્રશ્નપત્રના આ **4** વિભાગમાં **1 થી 54 પ્રશ્નો** પૂછવામાં આવશે.
- સામાજિક વિજ્ઞાન વિષયના **80 ગુણના** પ્રશ્નપત્રમાં **30 %** એટલે કે કુલ **24 પ્રશ્નો (Objective) હેતુલક્ષી** પ્રકારના રહેશે અને **56 ગુણના પ્રશ્નો વર્ણાત્મક નિબંધલક્ષી** પ્રકારના રહેશે.

❖ પ્રશ્નપત્ર **હેતુઓ** પ્રમાણે,**પ્રશ્નના પ્રકાર** અને **ગુણભારની** માહિતી નીચેના કોષ્ટકમાં આપેલ છે જે મુજબ પ્રશ્નપત્ર પૂછવામાં આવશે.

❖ **હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન | સમજ | ઉપયોજન | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન / વિશ્લેષણ | અનુમાન / મૂલ્યાંકન | |
| ગુણ | 16 | 40 | 15 | 05 | 04 | 80 |
| ટકા | 20 % | 50 % | 18.75 % | 06.25 % | 05 % | 100 % |

❖ **પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1 | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | **24** |
| 2 | ટૂંક જવાબી પ્રશ્નો (SA-1) | 09 | 13 | **18** |
| 3 | ટૂંક જવાબી પ્રશ્નો (SA -2) | 06 | 09 | **18** |
| 4 | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 05 | 08 | **20** |
| કુલ | | 44 | 54 | **80** |

❖ **પ્રકરણ પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | જનરલ વિકલ્પ વિના ગુણભાર | જનરલ વિકલ્પ સાથે ગુણભાર |
|---|---|---|---|
| **1** | ભારતનો વારસો | **3** | **5** |
| **2** | ભારતનો સાંસ્કૃતિક વારસો: પરંપરાઓ : હસ્ત અને લલિતકલા | **3** | **5** |
| **3** | ભારતનો સાંસ્કૃતિક વારસો : શિલ્પ અને સ્થાપત્ય | **4** | **7** |
| **4** | ભારતનો સાહિત્યિક વારસો | **4** | **4** |
| **5** | ભારતનો વિજ્ઞાન અને ટેકનોલોજીનો વારસો | **4** | **8** |
| **6** | ભારતના સાંસ્કૃતિક વારસાનાં સ્થળો | **4** | **4** |

| | | | |
|---|---|---|---|
| 7 | આપણા વારસાનું જતન | 3 | 3 |
| 8 | કુદરતી સંસાધનો | 4 | 7 |
| 9 | વન અને વન્યજીવ સંસાધન | 4 | 4 |
| 10 | ભારત : કૃષિ | 5 | 9 |
| 11 | ભારત : જળ સંસાધન | 3 | 3 |
| 12 | ભારત : ખનિજ અને શક્તિનાં સંસાધનો | 3 | 5 |
| 13 | ઉત્પાદન ઉદ્યોગો | 3 | 5 |
| 14 | પરિવહન, સંદેશાવ્યવહાર અને વ્યાપાર | 3 | 3 |
| 15 | આર્થિક વિકાસ | 3 | 3 |
| 16 | આર્થિક ઉદારીકરણ અને વૈશ્વિકીકરણ | 3 | 3 |
| 17 | આર્થિક સમસ્યાઓ અને પડકારો : ગરીબી અને બેરોજગારી | 4 | 8 |
| 18 | ભાવવધારો અને ગ્રાહક જાગૃતિ | 3 | 6 |
| 19 | માનવ વિકાસ | 4 | 4 |
| 20 | ભારતની સામાજિક સમસ્યાઓ અને પડકારો | 5 | 5 |
| 21 | સામાજિક પરિવર્તન | 4 | 4 |
| 22 | પ્રકૃતિમાં પોષણ વ્યવસ્થા | 2 | 2 |
| 23 | માર્ગ-સલામતી અને વાહનચાલક | 2 | 2 |
| કુલ | | 80 | 109 |

હવે આપણે દરેક વિભાગમાં **પ્રશ્નો કયા સ્વરૂપના** અને **કેવા પ્રકારના** હશે તેના વિશે માહિતી મેળવીશું.

## વિભાગ : A

- આ વિભાગમાં **1 થી 24 પ્રશ્નો** પૂછાશે અને કુલ ગુણભાર **24 ગુણ**નો રહેશે. આ વિભાગમાં પૂછાયેલા તમામ પ્રશ્નો પાઠ્યપુસ્તક આધારિત રહેશે.
- આ વિભાગમાં જોડકા જોડો, ખરા-ખોટા, ખાલી જગ્યા, વિકલ્પો, એક-બે વાક્યમાં ઉત્તર એમ **5 પેટા વિભાગ** રહેશે.

**પ્રથમ પેટા વિભાગમાં** : યોગ્ય **જોડકા જોડો** જે **05 ગુણ**નો રહેશે.પ્રશ્ન ક્રમાંક **1 થી 5** રહેશે.

●» જેમાં પાઠ્યપુસ્તકના **હેતુલક્ષી** પ્રકારના પ્રશ્નો રહેશે.

●» પ્રત્યેક સાચા ઉત્તરનો **1 ગુણ** આપવામાં આવશે.

●» અહીં ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ

| (A) | (B) |
|---|---|
| (1) બહુચરાજીનો મેળો | (A) સંગીત રત્નાકર |
| (2) પંડિત અહોબલે | (B) ગીધ |
| (3) કુદરતનો સફાઈ કામદાર | (C) લાંબા |
| (4) પવન ઊર્જા | (D) સ્ટોક હોમ |
| (5) પૃથ્વી પરિષદ | (E) મહેસાણા |
| | (F) સંગીત પારિજાત |

**બીજો પેટા વિભાગ**: આ વિભાગમાં વિધાનો **ખરા છે કે ખોટા** તે જણાવવાના રહેશે.

●» આ પેટા વિભાગમાં પ્રશ્નો ક્રમાંક **6 થી 10** રહેશે

●» દરેક ઉત્તરનો **1 ગુણ** રહેશે **કુલ ગુણ 05** રહેશે.

●» પ્રશ્નનો પૂરો અભ્યાસ કરી જવાબ ખરાં કે ખોટો તે લખવાનું રહેશે અથવા **(✓)** અને **(×)** નિશાની કરવાની રહેશે.

●» અહીં ઉદા. દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ કે પ્રશ્ન કેવી રીતે પુછાઇ શકે છે.

(1) ધરોઈ યોજના સાબરમતી નદી પર આવેલી છે.

(2) દેશના અર્થતંત્રને વિશ્વના અર્થશાસ્ત્ર સાથે જોડવાની પ્રક્રિયાને ખાનગીકરણ કહે છે.

**ત્રીજો પેટા વિભાગ** : આ વિભાગમાં **ખાલી જગ્યાઓ** પૂછવામાં આવશે.

●» આ પેટા વિભાગમાં ખાલી જગ્યાનો પ્રશ્ન ક્રમાંક **11 થી 15** રહેશે.

●» વિધાનની નીચે **3 ઓપ્શન** આપવામાં આવેલ હશે.જેમાંથી **1 ઓપ્શન** પસંદ કરી ખાલી જગ્યા પૂરવાની રહેશે.

●» દરેક ઉત્તરનો **1 ગુણ** રહેશે **કુલ ગુણ 5** રહેશે.

●» અહીં ઉદાહરણ દ્વારા ખાલી જગ્યા કેવી પૂછાય તે સમજવાનો પ્રયત્ન કરીએ.

(1) ઈ.સ...........માં વન્યજીવોને લગતો કાયદો અમલમાં આવ્યો છે.

( ઈ.સ 1940, ઇ.સ.1972, ઇ.સ. 1952 )

࿊ **ચોથો પેટા વિભાગ** : નીચેના પ્રશ્નોના આપેલ **વિકલ્પમાંથી** સાચો વિકલ્પ પસંદ કરી જવાબ લખો.

- » આ પેટા વિભાગમાં **16 થી 20** પ્રશ્નો પૂછવામાં આવશે.
- » વિધાનની નીચે **4 ઓપ્શન** આપવામાં આવશે.જેમાંથી **1** ઓપ્શન પસંદ કરી જવાબ આપવાનો રહેશે.
- » દરેક ઉત્તરનો **1 ગુણ** રહેશે **કુલ ગુણ 05** રહેશે.
- » અહીં ઉદા. દ્વારા પ્રશ્નનો વિકલ્પ કેવો પુછાય તે સમજવાનો પ્રયત્ન કરીએ.

(1) ભારત આર્થિક રીતે કેવો દેશ છે ?

(A) વિકસિત (B) પછાત (C) વિકાસશીલ (D) ગરીબ

࿊ **પાંચમો પેટા વિભાગ** : આ પેટા વિભાગમાં **એક-બે શબ્દોમાં** જવાબ લખવાના રહેશે.

- » આ પેટા વિભાગમાં **21 થી 24** પ્રશ્નો પૂછવામાં આવશે.
- » આ વિભાગમાં **જ્ઞાન, સમજ** આધારિત પ્રશ્નો પુછાય શકે છે.
- » દરેક ઉત્તરનો **1 ગુણ** રહેશે **કુલ ગુણ 4** રહેશે.
- » અહીં ઉદાહરણ દ્વારા પ્રશ્ન કેવો પુછાય તે સમજવાનો પ્રયત્ન કરીએ.

(1) ભારતનો કયો વેદ સંગીતને લગતો ગણાય છે ?

(2) ભારતીય ચલણ 20 રૂપિયાની નોટ ઉપર કયા સાંસ્કૃતિક વારસાના સ્થળનું ચિત્ર મૂકવામાં આવેલ છે ?

## વિભાગ : B

વિદ્યાર્થી મિત્રો આ વિભાગમાં **ટૂંક જવાબી ( SA-I )** પ્રશ્નો હશે.

- » અહીં **25 થી 37** પ્રશ્નો આપેલ હશે.
- » જેમાં **13** પ્રશ્નોમાંથી **09** પ્રશ્નના ઉત્તર આપવાના રહેશે.
- » અહીં ઉત્તર **15 થી 35 શબ્દો**માં આપવાના રહેશે.
- » દરેક ઉત્તરના **2 ગુણ** રહેશે. કુલ ગુણ **18** રહેશે.
- » પ્રત્યેક પ્રશ્નના સાચા ઉત્તરના **એક વાક્યના 0.5 ગુણ** આપવામાં આવશે **બે વાક્યનો 01** ગુણ મળવા પાત્ર રહેશે.
- » અહીં નીચે મુજબના સ્વરૂપમાં પ્રશ્ન પુછાઇ શકે છે.
    - ❖ વિધાન સમજાવો / કારણ આપો.
    - ❖ નીચે આપેલ વ્યક્તિઓનો પરિચય આપો.

❖ નીચે આપેલા ઐતિહાસિક ભૌગોલિક સ્થળોને ઓળખ આપો.

❖ મને ઓળખો.

❖ ટૂંકમાં જવાબ આપો.

❖ નીચે આપેલ પરિસ્થિતિજન્ય પ્રશ્નોના જવાબ વિચારીને લખો.

●» અહીં પ્રશ્નના સ્વરૂપને ઉદા. દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

પ્ર.1. 'ભારત પ્રાચીન સંસ્કૃતિ ધરાવતો દેશ છે' - વિધાન સમજાવો.

પ્ર.2. દ્રવિડ પ્રજાનો પરિચય આપો.

પ્ર.3. (1.ચિત્રમાં કઈ વાવનું વર્ણન છે ?

(2.આ વાવ કયા જિલ્લામાં આવેલ છે ?

પ્ર.4. મને ઓળખો અને લખો.

(1. ટસર (2. SAIL

પ્ર.5. ભારતમાં આવેલ ચારધામના નામ આપો.

પ્ર.6. વન્યજીવ સંરક્ષણ માટેના ઉપાયો જણાવો.

વગેરે જેવા પ્રશ્નો પુછાઇ શકે છે.

## વિભાગ : C

વિદ્યાર્થી મિત્રો આ વિભાગમાં **ટૂંક જવાબી (SA-II)** પ્રશ્નો હશે.

●» અહીં પ્રશ્ન ક્રમાંક **38 થી 46** આપવામાં આવેલ છે.

●» જેમાં **09** પ્રશ્નોમાંથી કોઈ પણ **06** પ્રશ્નના જવાબ આપવાના રહેશે.

●» પ્રત્યેક પ્રશ્નના જવાબના **03** ગુણ મળવા પાત્ર રહેશે **કુલ ગુણ 18** રહેશે.

●» પ્રત્યેક પ્રશ્નના સાચા જવાબ જવાબના એક વાક્યના **0.5 ગુણ** મળવા પાત્ર રહેશે અને બે વાક્યનો **01 ગુણ** મળવા પાત્ર રહેશે.

●» અહીં પ્રકરણ **3, 4, 8, 16, 18,19** માંથી પ્રશ્ન પૂછવામાં આવશે.જેમાંથી પ્રકરણ **3,8,18** માંથી **બે-બે** પ્રશ્નો પૂછવામાં આવશે.

●» આ વિભાગમાં નીચે મુજબના પ્રશ્નોનું સ્વરૂપ રહેશે.

❖ ટૂંક નોંધ લખો.

❖ તફાવત.

❖ ચિત્રો જોઈને જવાબ લખો.

❖ ઉપાયો / અસરો / પરિબળો લખો.

❖ ઉચ્ચ વૈચારિક કૌશલ્ય ધરાવતા પ્રશ્નોના જવાબ (HOTS) હોય તેવા સવાલો પૂછાશે.

●» આ સ્વરૂપના પ્રશ્નોને ઉદા. દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

પ્ર.1. ટૂંકનોંધ લખો : ‘વિશ્વ વ્યાપાર સંગઠન’

પ્ર.2. તફાવત આપો : રામાયણ અને મહાભારત

પ્ર.3.  આપેલ ચિત્ર જે સ્તંભ પર આવેલ છે તે સ્તંભ વિશે માહિતી આપો.

પ્ર.4. ભૂમિ સરક્ષણ એટલે શું ? ભૂમિ સરક્ષણના ઉપાયો જણાવો.

પ્ર.5. આતંકવાદની આર્થિક અને સામાજિક અસરો જણાવો.

પ્ર.6. મહિલા સશક્તિકરણ એટલે શું ? તેના અવરોધક પરિબળો જણાવો.

પ્ર.7. નીચેના આપેલા ચિત્રોને ઓળખીને તેના પુરા નામ લખો







પ્ર.8 નાલંદા વિદ્યાપીઠ વિશે માહિતી આપો.

## વિભાગ : D

વિદ્યાર્થી મિત્રો આ વિભાગમાં વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) પુછાશે.

●» અહીં પ્રશ્ન ક્રમાંક **47 થી 53** આપવામાં આવેલ હશે.

●» જેમાં **07** પ્રશ્નોમાંથી **04** પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

●» પ્રત્યેક પ્રશ્નના સાચા જવાબના **04 ગુણ** મળવા પાત્ર રહેશે **કુલ ગુણ 16** રહેશે.

●» પ્રત્યેક પ્રશ્નના સાચા જવાબના એક વાક્યના **0.5 ગુણ** મળવા પાત્ર રહેશે અને બે વાક્યનો **01 ગુણ** મળવા પાત્ર રહેશે કુલ **આઠ વાક્યો** સાચા લખવાથી **04 ગુણ** મળવા પાત્ર રહેશે.

●» અહીં પ્રકરણ **05, 10, 17, 21** માંથી **4 ગુણના** પ્રશ્નો પૂછવામાં આવશે. જેમાંથી **05, 10,17** પ્રકરણમાંથી 2-2 પ્રશ્નો પૂછવામાં આવશે અને **21 પ્રકરણમાંથી 01** પ્રશ્ન પુછાશે કુલ **7** પ્રશ્નો હશે.

●» આ વિભાગમાં નીચે મુજબના પ્રશ્નોનું સ્વરૂપ રહેશે.

- ❖ સવિસ્તાર પ્રશ્નો
- ❖ કારણ / પરિબળો
- ❖ ચિત્રોના આધારે પ્રશ્નો
- ❖ પરિસ્થિતિ જન્ય પ્રશ્નો પૂછવામાં આવશે.

●» આ સ્વરૂપના પ્રશ્નોને ઉદાહરણ દ્વારા સમજવાનો પ્રયત્ન કરીએ.

પ્ર.1. 'ગણિતથી દુનિયાનો વ્યવહાર ચાલે છે' તે વિસ્તારથી સમજાવો.

પ્ર.2. વૈદિક વિદ્યા અને શૈલ્ય ચિકિત્સામાં પ્રાચીન ભારતનું મહત્વ સમજાવો.

પ્ર.3. બેરોજગારીના કારણો જણાવો.

પ્ર.4. ગરીબી એટલે શું ? તે ઉદભવવાના કારણો આપો.

પ્ર.5. નીચે આપેલા કોષ્ટકમાં સ્થાનો પૂર્ણ કરી કોષ્ટક પૂર્ણ કરો..

| ખરીફ પાક | | જાયદ પાક |
|---|---|---|
| | શિયાળામાં લેવાય છે | |
| જૂન-જુલાઈ થી ઓક્ટોબર- નવેમ્બર | | માર્ચ થી મે |
| | ઘઉં | |
| | | કાકડી |

પ્ર.6. ગરીબી નિવારણ માટે સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ કોઈપણ પાંચ યોજનાના નામ લખી નીચે આપેલ યોજનાની સમજ આપો.

(A) માં અન્નપૂર્ણા યોજના

(B) સેન્દ્રીય ખેતીને પ્રોત્સાહન

●» પ્રશ્ન ક્રમાંક **54** માં ભારતના **રેખાંકિત નકશા**માં સ્થાન દર્શાવવાનું રહેશે.

●» આ પ્રશ્ન **ફરજીયાત** છે.

●» પ્રશ્નનાં સ્થાનને દર્શાવવાનો **1 ગુણ** રહેશે.**કુલ ગુણ 04** રહેશે.

●» અહી પ્રકરણ **08,09,10,13,14** માંથી નકશાના પ્રશ્નો પૂછવામાં આવશે.

●» નકશાની અંદર **સંજ્ઞા સૂચિ** અને **વિગતનું** કોષ્ટક બનાવવાનું રહેશે અને તે સંજ્ઞા નકશામાં દર્શાવવાની રહેશે.

આશા રાખું છું કે વિભાગ A,B,C,D ની આ સમગ્ર સમજૂતીએ આપણા ઘણા પ્રશ્નોના જવાબ આપી દીધા હશે. આ રીતે તૈયારી કરતા રહો અને સામાજિક વિજ્ઞાન વિષયમાં ખૂબ સારા ગુણ મેળવો તેવી અંતરથી શુભેચ્છાઓ.

**સ્નેહી : શૈલેન્દ્રસિંહ એચ સોઢા ( પી.આર પરમાર હાઈસ્કુલ,સમી,પાટણ )**

.